જા.નં.ક-૩/૨૦૨૬/ 6740
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
કારેલીબાગ, જિલ્લો વડોદરા
તા.27/૧૦/૨૦૨૬

પ્રતિ,
આચાર્ય,
સરકારી તથા ખાનગી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગ, વડોદરા શહેર સહ તમામ
- એ.ઈ.આઈશ્રી તમામ વડોદરા જિલ્લો તથા સંકુલના એસ.વી.એસ. કન્વીનરશ્રીઓ, તમામ વડોદરા

વિષય: **ધોરણ 9 થી 12** ના વિદ્યાર્થીઓને ઓફલાઈન માધ્યમથી **નેશનલ સ્ટેમ (STEM)** ક્વિઝ **5.0 2026** માં ભાગ લેવા બાબત.
સંદર્ભ : ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ), ગુજરાત સરકાર, ગાંધીનગર

નમસ્કાર, સૌને જય વિજ્ઞાન,
ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) વિજ્ઞાન પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર મારફતે મળેલ સૂચના અન્વયે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, સુભાનપુરા, વડોદરા દ્વારા વડોદરા જિલ્લામાં **નેશનલ સ્ટેમ ક્વિઝ - 5.0** માં સમગ્ર રાજ્ય માંથી ધોરણ 9 -12 ના વિધાથીઓ માટે રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે. દેશની સૌથી મોટી આ સ્ટેમ કવીજમા બે કરોડની માતબર રકમના પુરસ્કાર (ઈનામ) જીતવાની અમુલ્ય તક વિધાથીઓ માટેનું આયોજન કરેલ છે.
(૧) આ કવીઝ જિલ્લા સ્તરની સ્પર્ધા ઓફ લાઈનના માધ્યમથી અને રાજ્ય સ્તરની સ્પર્ધા ઓફ લાઈનના માધ્યમથી યોજવામાં આવશે અંતિમ સ્પર્ધા ઓફ લાઈનના માધ્યમથી યોજાશે, કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.
(૨) આ કવીજમાં ભારતના તમામ રાજ્યો / કેન્દ્ર શાશિત પ્રદેશના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ 9 થી 12 ના રજીસ્ટ્રેશન થયેલા તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી તદ્દન નિઃ શુલ્ક છે.
(3) આ કવીજમાં સાયન્સ, ટેક્નોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટિક ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પુછવામાં આવશે. આ કવીઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.
(૪) આ સ્પર્ધામાં સામેલ થવા માટે **STEM Quiz 5.0 2026** માં રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. આ કવીઝ શાળા કક્ષાએ ઓફલાઈન માધ્યમથી યોજવામાં આવશે આ સ્પર્ધામાં સામેલ થવા રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે રેજીસ્ટ્રેશન આચાર્ય શ્રી દ્વારા શાળામાંજ કરવાનું રેહશે. તા. **04.11.2026** સુધીમાં શાળાઓએ આ સાથે આપેલ એક્સેલ ફ્રોર્મેટ મુજબ વિદ્યાર્થીઓની માહિતી **સાથે** શાળાના લેટરપેડ ઉપર **આચાર્યશ્રી**ના સહી સિક્કા સાથે **નીચે** જણાવેલ મોબાઈલ ઉપર મોકલી આપવામના રહેશે
(૫) આ ઓફ લાઈન કવીઝ પહેલા શાળા કક્ષાએ આચાર્ય / જિલ્લા કવીઝ કો ઓર્ડીનેટર ની નિગરાની હેઠળ સંભવત: **નવેમબર 2026** ના છેલ્લા અઠવાડિયામાં યોજવામાં આવશે. જેના પ્રશ્ન પેપર શાળાને

રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે મોકલી આપવામાં આવશે શાળા કક્ષાની કવીઝમાં ટોપર વિદ્યાર્થીઓને પસંદગી કરવાની વિગતો મોકલી આપવામાં આવશે.

આ પ્રતિયોગિતા અંતર્ગત વિદ્યાર્થીઓને બે કરોડ સુધીના ઇનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદગી પામેલા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. **વડોદરા જિલ્લાની શાળાના ધોરણ 9 થી 12 ના તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનુ રહેશે.** જો આપ રજીસ્ટ્રેશન કાર્ય પૂર્ણ ન કરી શકો અથવા કોઈપણ મુશ્કેલી જણાય તો પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરાનો સંપર્ક કરી મદદ માટે ફોન કરી શકો છો. તા. **05/11/2026** સુધીમાં આપની શાળાના તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કાર્ય પૂર્ણ કરવાનું રહેશે. જેટલા બાળકો વધુ સામેલ થશે તેટલો શાળાને ફાયદો થશે

વધુ વિગત માટે આપશ્રી પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર વડોદરા નો સંપર્ક કરો :

(૧) ડૉ.સોનલ પ્રકાશકર, નિયામકશ્રી (મો) 9824666391 **(૨) શ્રી દિનેશ ગાંધી, મુખ્ય કાર્યક્રમ સંયોજક** (મો) 9825916874 (3) પાયલ જાની (મો) 9725701399 (૪) જલ્પા સુગંધી (મો) 9998987859
પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, આરતી સોસાયટી, આત્મજ્યોતિ આશ્રમ રોડ, સુભાનપુરા, વડોદરા -390023
(O) 9328951419 (0265-3576910)

એમ.આર. પાંડે
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

(શાળાના લેટરપેડ ઉપર લખવું)

પ્રતિ,
જિલ્લા STEM ક્વિઝ કો-ઓર્ડીનેટરશ્રી,
પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા

વિષય: **STEM ક્વિઝ 5.0** માં શાળા રજીસ્ટ્રેશન કરવા બાબત.

જય વિજ્ઞાન સહ જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ: 2026 - 27 દરમિયાન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા આયોજીત **STEM ક્વિઝ - 5.0** ઓફલાઇન માધ્યમ થી યોજવામાં આવશે. જેમાં અમારી શાળા શ્રી.. માંથી જુનિયર કેટેગરી (ધો.9-10) માં .... વિદ્યાર્થીઓ અને સિનિયર કેટેગરી (ધો.11-12) માં .... વિદ્યાર્થીઓ ક્વિઝમાં ભાગ લેશે. ભાગ લેનાર વિદ્યાર્થીઓની યાદી અને નોડલ શિક્ષકશ્રીનું નામ, સંપર્ક નંબર આ સાથે સામેલ છે.

આચાર્યશ્રીનું નામ: ....
નોડલ શિક્ષકશ્રીનું નામ: ....
સંપર્ક નંબર: ...., ...
તારીખ: / /2026

આભાર સહ.

આચાર્યશ્રીની સહી

<table>
<tr><td colspan="4">Gujarat Council on Science and Technology
Dep. of Science and Technology, Govt. of Gujarat</td></tr>
<tr><td colspan="4">Details of students of Gujarat STEM Quiz 5.0</td></tr>
<tr><td colspan="2">District Name</td><td colspan="2">Vadodara</td></tr>
<tr><td colspan="2">Taluka Name</td><td colspan="2"></td></tr>
<tr><td colspan="2">School Name</td><td colspan="2"></td></tr>
<tr><td colspan="2">Name of School Nodal Coordinator</td><td colspan="2"></td></tr>
<tr><td colspan="2">Contact Number of School Nodal Coordinator</td><td colspan="2"></td></tr>
<tr><td colspan="2">Total Number of Students</td><td>Junior No.:</td><td>Senior No.:</td></tr>
<tr><td>Sr. No</td><td>Name of Student</td><td>Class</td><td>Category (Junior/ Senior)</td></tr>
<tr><td>1</td><td></td><td></td><td></td></tr>
<tr><td>2</td><td></td><td></td><td></td></tr>
<tr><td>3</td><td></td><td></td><td></td></tr>
<tr><td>4</td><td></td><td></td><td></td></tr>
<tr><td>5</td><td></td><td></td><td></td></tr>
<tr><td>6</td><td></td><td></td><td></td></tr>
<tr><td>7</td><td></td><td></td><td></td></tr>
<tr><td>8</td><td></td><td></td><td></td></tr>
<tr><td>9</td><td></td><td></td><td></td></tr>
<tr><td>10</td><td></td><td></td><td></td></tr>
</table>

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર

બ્લોક નં: બી, ૭મો માળ, બહુમાળી ભવન, પથિકાશ્રમની પાસે, સેકટર - ૧૧,
ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૧.
ફોન નં:(૦૭૯)૨૩૨૫૯૩૬૨-૬૫ ફેકસ:(૦૭૯)૨૩૨૫૯૩૬૩
ઈ-મેલ: sciof-gujcost@gujarat.gov.in
URL: www.gujcost.gujarat.gov.in

सत्यमेव जयते

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY * GOVERNMENT OF GUJARAT *

ક્ર. નં. ગુજકોસ્ટ/STEMQuiz૫.૦/૨૦૨૬-૨૭/ ૩૦૧૬ તા. ૨૩/૦૯/૨૦૨૬

પ્રતિ,
CSC કોર્ડીનેટર્સ,
તમામ CSCs, ગુજરાત.

વિષય: Gujarat STEM Quiz 5.0 અંતર્ગત Junior તથા Senior Category માટે શાળા નોંધણી હેતુ સંભવિત શાળાઓની યાદી રજૂ કરવા બાબત.

શ્રીમાન / મહોદયા,

ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) તરફથી શુભેચ્છાઓ.

ગુજકોસ્ટ દ્વારા ગુજરાત STEM Quizની અત્યાર સુધીમાં ચાર આવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. આ ક્વિઝ ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત (STEM) પ્રત્યે રસ, જિજ્ઞાસા, તર્કસંગત વિચારશક્તિ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યો વિકસાવવાના હેતુથી આયોજિત કરવામાં આવે છે.

આ સફળ યાત્રાને આગળ વધારતા, ગુજકોસ્ટ દ્વારા Gujarat STEM Quiz 5.0 – *"The Journey of a New Generation"*નું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં ધોરણ 9 અને 10 માટે Junior Category તથા ધોરણ 11 અને 12 માટે Senior Category એમ બે કેટેગરીમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

Gujarat STEM Quiz 5.0 અંતર્ગત School Registrationની કામગીરી રાજ્યના તમામ 34 જિલ્લાઓમાં વ્યાપક અને સુચારુ રીતે હાથ ધરવા માટે સંભવિત શાળાઓની (Tentative List) તૈયાર કરવામાં આવી રહી છે. આ હેતુસર તમામ CSC કોર્ડિનેટર્સશ્રીઓને પોતાના કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓની ઓળખ કરી તેમની યાદી રજૂ કરવામાં રહેશે.

યાદીમાં જિલ્લો, તાલુકો, શાળાનું નામ, આચાર્યશ્રી/નોડલ શિક્ષકનું નામ, તેમનો સંપર્ક નંબર તથા Junior અને Senior Category માટે સંભવિત વિદ્યાર્થીઓની અંદાજિત સંખ્યા સહિતની જરૂરી વિગતોનો સમાવેશ કરવાનો રહેશે.

CSC બનાસકાંઠા દ્વારા વાવ-થરાદ જિલ્લાની, CSC તાપી દ્વારા સુરત જિલ્લાની તથા CSC નવસારી દ્વારા વલસાડ જિલ્લાની સંભવિત શાળાઓની જરૂરી વિગતો ભરવાની રહેશે.

પ્રાપ્ત વિગતોના આધારે Gujarat STEM Quiz 5.0 અંતર્ગત School Registration તથા આગામી તબક્કાની કામગીરીનું જરૂરી આયોજન કરવામાં આવશે. આ કામગીરીને અગ્રતા આપી તમામ જરૂરી વિગતો તા. 28 સપ્ટેમ્બર, 2026 (સોમવાર), સમય ૧:૦૦ વાગ્યા સુધીમાં ગુજકોસ્ટ કચેરીને ફરજિયાતપણે સોફ્ટ કોપીમાં મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત વિગતો મોકલવા માટેનું ફોર્મેટ આ સાથે બીડેલ છે.

આભાર સહ,

(દિગ્વિજયસિંહ જાડેજા, IAS)
ડાયરેક્ટર જનરલ, ગુજકોસ્ટ